ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ જ-૨ ટાઈપ બ્લોક નં. ૧૧ દના સરકારી મકાનમાં મોડી સાંજે આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને આગ સંદર્ભે કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડ ફર્સ્ટ રીસ્પોન્ડર બુલેટ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને વોટર મીટ સિસ્ટમની મદદથી આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી પરંતુ મકાનનું મીટર બોક્ષ આખુ સળગીને ખાખ થઈ ગયું હતું.

કેનેડા મોકલવાના નામે લાખોનું ફુલેકું ફેરવી ઓફીસને તાળાં

ઈન્ફોસીટી સુપર મોલ-૧માં 'રૂટ ટુ એબરોડ' નામની ઓફીસ ભાઈ બહેને શરુ કરી હતી લેબર કોન્ટ્રાકટ પર કેનેડા મોકલવાનું કહીને ૩.૮૦ લાખ એક કલાયન્ટ પાસેથી ઉઘરાવ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ઈન્ફોસીટી સુપરમોલ-૧માં 'રૂટ ટુ એબરોડ' નામની કેનેડા મોકલવા સંદર્ભે ઓફીસ શરુ કરીને લાખો રૂપિયાનું વિવિધ કલાયન્ટોનું ફુલેકું ફેરવી ભાઈ-બહેને ઓફીસના પાટીયા પાડી દીધા હોવાનું બહાર આવ્યું છે. એક કલાયન્ટ યુવતીએ બંને ભાઈ-બહેન વિરુધ્ધ રૂ. ૩.૮૦ લાખની છેતરપીંડી સંદર્ભે સે-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા ગુનો નોંધી પી.એસ.આઈ. કે.બી. રાણાવતે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. બંને ભાઈ બહેને મળીને સંખ્યાબંધ કલાયન્ટો પાસેથી આ પધ્ધતિથી લાખો રૂપિયાનું ઉઘરાણું કર્યું હોવાની શંકા પોલીસે વ્યકત કરી તેમની શોધખોળ શરુ કરી છે.

કલાયન્ટ સોનલબેન રાજેશભાઈ પટેલે આપેલી પોલીસ ફરિયાદ મુજબ ઈન્ફોસીટી સુપરમોલ-૧માં 'રૂટ ટુ એબરોડ' નામની ઓફીસ ખુલવા પામી હતી જેનું સંચાલન જીતેન્દ્ર ગુણવંતરાય ઠાકર અને ભુમી ગુણવંતરાય ઠાકર કરતાં હતાં. લેબર કોન્ટ્રાકટ પર કેનેડા મોકલી આપવાનું કહીને કલાયન્ટ પાસેથી રૂપિયા પડાવવાનું શરુ કરવામાં આવ્યું હતું. સોનલબેન પાસેથી આ પધ્ધતિ મારફતે ૨. ૩.૮૦ લાખ લઈ લીધા બાદ હવે ઓફીસના પાટીયા પાડી દેવામાં આવ્યા છે. ઓફીસને તાળા લગાવીને કલાયન્ટ સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ આપતા સે-૭ પોલીસ મથકમાં પીએસઆઈ કે.બી. રાણાવતે ભાઈ બહેન વિરુધ્ધ ગુનો દાખલ કરીને સઘન તપાસ શરુ કરી છે. ઓફીસ ખોલ્યા બાદ આવા કેટલાય કલાયન્ટો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હોવાની શકયતા પોલીસે વ્યકત કરીને આરોપીઓની શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

આનંદના ગરબાનું ૧લીએ આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૪-ડીમાં નિવાસ કરતા મધુબેન માણેકલાલ પટેલને ત્યાં પ્લોટ નં. ૮૮૮/૧ માં ૧લી જૂનના રોજ બપોરે ૨.૩૦ કલાકથી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

માંઈ મંડળના ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણીના મધુરકંઠે આયોજન કરવામાં આવ્યું છે. આનંદના ગરબામાં સૌ ભક્તજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પથિકાશ્રમ પાસે બાંધકામ સાઈટ પરથી બે બાળ મજુરો મુક્ત કરાયા

કોન્ટ્રાકટર વિરૂદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર પથિકાશ્રમ વિસ્તારની પાછળના ભાગે ચાલી રહેલી બાંધકામ સાઈટ પર બાળમજુરો રાખીને મજુરી કરાવવામાં આવતી હોવાની જાણ થતા તંત્રએ દરોડો પાડી આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં ૧૩ વર્ષની ઉંમરના બે નાના બાળકોને મજુરી કામે રાખીને કામ કરાવવામાં આવતું હોવાનું ધ્યાને આવતા કોન્ટ્રાકટર વિરૂદ્ધ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ મુજબ ગુનો દાખલ કરી બન્ને બાળ મજુરોને મુક્ત કરવામાં આવ્યા છે અને આરોપી કોન્ટ્રાકટરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પથિકાશ્રમ પાછળ સ્થિત બાંધકામ સાઈટ પર બાળમજુરો રાખીને મુજરી કરાવવામાં આવતી હોવાનું તંત્રના ધ્યાને આવતા આજે આકસ્મિક ચેકીંગ કર્યું હતું. કોન્ટ્રાકટર ૧૩-૧૩ વર્ષના બાળકોને રૂ. ૨૦૦ મજુરી આપીને કામ કરાવતો હોવાનું તંત્રના ધ્યાને આવતા કોન્ટ્રાકટર છગન પટેલ વિરૂદ્ધ જુવેનાઈલ જસ્ટીસ એક્ટનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી લીધી છે. ૧૩ વર્ષના બન્ને બાળ મજુરોને મુક્ત કરીને બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપવામાં આવ્યા છે. અનિલ મફતભાઈ સોનીની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ડી.પી.એ.જી.ની કારોબારી સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૮

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં વાર્ષિક સામાન્ય સભા અંગે તથા કારોબારી સમિતિની બેઠક અંગેની તારીખો નક્કી કરાઈ અને અનુ. જાતિની શિષ્યવૃત્તિની આવક મર્યાદા વધારવા કમીશનને રજૂઆત કરવા કરાવવામાં આવ્યું.

ડી.પી.એ.જી. ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠકમાં પો. મગનલાલ ગોહિલને શ્રદ્ધાંજલિ આપી મૌન પળાયું તથા પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. સંસ્થાના વાર્ષિક હિસાબો પાનાચંદ વણકરે રજૂ કર્યા તથા સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા ૨૯મી જૂન-૨૦૧૩ને શનિવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ખાતે યોજવાનું નક્કી કરાયું. તેમજ કારોબારી સમિતિની બેઠક તા. ૧૫ અથવા ૧૭ જૂના રોજ યોજવાનું નક્કી થયું. આ પ્રસંગે અનુસૂચિત જાતિના આઈ.એ.એસ.માં ટોપ થયેલા ઉમેદવારની સિદ્ધિને સૌએ ગૌરવની લાગણી સાથે વધાવી હતી. ભારત સરકારે પછાતવર્ગની 'ક્રિમીલેયર'ની આવક મર્યાદા ૬ લાખ કરી પરંતુ અનુ. જાતિ-જનજાતિ માટે પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિની આવક મર્યાદા વધારી નથી તે વધારવા કમીશનને રજૂઆત કરવા ઠરાવ્યું હતું. બેઠકની વ્યવસ્થા રમણભાઈ શ્રીમાળીએ કરી હતી અને આભાર વિધિ બી.એમ. મૈત્રેયએ કરી હતી.

વાવોલના શાલ્વિકમાં યોગાસન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આવકાર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ યોગા વેલનેસ સેન્ટર દ્વારા તા. ૩૧મી મેથી ૯મી જૂન સુધી યોગાસન શિબિરનું શાલ્વિક હોકર્સ કેશવ પાર્કની બાજુમાં કોલવડા રોડ -વાવોલ ખાતે આયોજન કરેલ છે. યોગાચાર્ય હસમુખભાઈ પટેલ માર્ગદર્શન આપશે. પ્રવેશ નિઃશુલ્ક છે. શિબિરાર્થીએ ફકત શેતરંજી લાવવાની રહેશે.

આ શિબિરમાં ડાયાબીટીસ, બી.પી., અનિદ્રા જેવા રોગોમાં લાભદાયક આસનો તથા વજન ઉતારવા માટેની ટીપ્સ આપવામાં આવશે.

સિદ્ધપુર હિતવર્ધક મંડળ દ્વારા સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં નિવાસ કરતા સિદ્ધપુરવાસીઓન મંડળ-સિદ્ધપુર હિતવર્ધક મંડળ દ્વારા તાજેતરમાં જ સ્નેહમિલન અને ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતનો સન્માન સમારંભ યોજાયો હતો.

શ્રી સિદ્ધપુર હિતવર્ધક મંડળ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન અને એમ.એલ.એ. બળવંતસિંહ રાજપુતના સન્માન સમારંભની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટયથી થઈ હતી. આ પ્રસંગે નર્સરી, કે.જી.થી પોસ્ટ ગ્રેજયુએટ સુધીના વિદ્યાર્થીઓને પ્રમુખ શિવકુમાર વર્મા દ્વારા ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને વિધાનસભા વિરોધપક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતનું તૈલ ચિત્ર અને શાલ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આજના પ્રસંગે વિશેષ મહાનુભાવોમાં કનુભાઈ ઠકકર, મેનેજીંગ ડીરેકટર ગોકુલ રીફાઈલ્સ અને સોલવન્ટ પ્રા. લિ. તથા ચિ.ધર્મેન્દ્રસિંહ રાજપુતે ખાસ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

મંડળે પોતાના વડીલોને કે જેઓ અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છે તેવા શિવકુમાર વર્મા, ગોવિંદલાલ પરીખનું પણ શાલ અર્પણ કરી નિરોગી-દિર્ઘાયુષની કામના કરી મંડળના સાથી કલાકારો રમણભાઈ પરમાર પરિવારનું પણ મોમેન્ટો દ્વારા બહુમાન કરવામાં આવ્યું તથા સાંસ્કૃતિક સુંદર કાર્યક્રમના આયોજન બદલ કુ. હાર્દી વ્યાસ તથા સાથી બાલકલાકારોનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનુંસુંદર અને સફળ સંચાલન પુનમભાઈ પાધ્યા એ કર્યું હતું જ્યારે સમગ્ર આયોજનને સફળતા સુધી પહોંચાડવામાં મુકેશ પરીખ, વિજય ઠાકર, પરેશ મોઢ, મુકેશ પંડયા તથા પ્રણવ પાધ્યા અને બીપીન વ્યાસે ભારે જહેમત ઉઠાવી હતી.

સૌરભ મહિલા મંડળ દ્વારા સ્વ. નિલમબેનને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૮

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખાના ચેરમેન નિલમબેન કામદારના દેહાવસાનથી પૂરી ન શકાય તેવી ખોટ સંસ્થાને પડી છે.

સ્વર્ગસ્થ નિલમબેનને મીરા ભજન મંડળના સેક્ટર-૬ના સભ્યો, સૌરભ મહિલા મંડળના પ્રમુખ પ્રફુલ્લાબેન ભાવસાર અને સર્વે સભ્યોએ સહૃદય શ્રદ્ધાંજલિ અર્પી છે.

આજે યોગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

સામાન્ય વહીવટ વિભાગ, કલ્યાણ શાખા દ્વારા નવા બનાવવામાં આવેલા યોગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારંભ આજે તા. ૨૯મી મે.૨૦૧૩ના રોજ બપોરે ૧.૩૦ થી ૨.૩૦ દરમિયાન બ્લોક નં. ૧૧, ભોંયતળિયે, સરદાર ભવન, ગાંધીનગર ખાતે યોજાશે.

ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં યોગ સિસ્ટમનું નિદર્શન તેમજ સાહિત્ય ઉપલબ્ધ રહેશે. યોગકેન્દ્રમાં દરરોજ છ મિનિટમાં શારીરિક અને માનસિક સંપૂર્ણ સ્વાસ્થ્ય માટેની કસરતો રિસેસ દરમિયાન કરાવવામાં આવશે.

વકફ બોર્ડની કચેરી દ્વારા પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના જૂના સચિવાલય ખાતેની વકફ બોર્ડની કચેરી દ્વારા ઉનાળાની ગરમીમાં ઠંડુ પાણી તૃષાજનોને મળી રહે તે માટે વોટર કૂલરની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. જૂના સચિવાલયના બ્લોક નં. ૮ની ભોંયતળિયે આવેલી વકફ બોર્ડની કચેરી આમ તો ધાર્મિક ટ્રસ્ટોના સંચાલનની કામગીરી સાથે સંકળાયેલી છે. પણ આ વેળાએ ઉનાળામાં ઠંડા પાણીના વોટર કૂલરની માનવતાવાદી પ્રવૃત્તિ કચેરી દ્વારા કરાઈ છે. કચેરીના ભોંયતળિયે મૂકેલા વોટર કૂલરમાંથી માત્ર આસપાસની કચેરીના કર્મચારીઓ જ નહીં મીનાબજારમાં નાના મોટા વેપારીઓ પણ આ ઠંડા પાણી દ્વારા પોતાની તરસ છીપાવી મનથી આશીર્વાદ આપે છે. નવાઈની વાત તો એ છે કે, સેક્ટર-૧૭ અને સેક્ટર-૨૧માં રહેતા અને ઠંડા પાણી માટેની સગવડ ન ધરાવતા પરિવારો પણ બોટલમાં વોટર બેગમાં આ પાણી ભરીને લઈ જાય છે.

એક નાનકડી કચેરી દ્વારા કરવામાં આવેલી આ ઠંડા પાણીની વ્યવસ્થા ઉનાળાના સમયમાં અમૃત સમાન બની રહી છે.

સેક્ટર-૨માં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

કેમ્પમાં નિષ્ણાત ડૉક્ટરો હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૮

અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨ વસાહત મંડળ અને આરોગ્ય વિભાગ મહાનગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧મી મે ૨૦૧૩ના રોજ સવારે ૯ થી ૧ સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨, ગાંધીનગર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે.

આરોગ્ય વિભાગ ગાંધીનગરના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશભાઈ બારોટ અને અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર ડૉ. કૌશલ્યાબેને જણાવ્યું છે કે આગામી ૩૧મી મે એ યોજાનાર નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પમાં નિષ્ણાંત ડૉક્ટરો હાજર રહેશે. ફીઝીશીયન, સર્જન, બાળરોગના નિષ્ણાંત, સ્ત્રી રોગના નિષ્ણાંત અને ચામડીના રોગના નિષ્ણાંતો દ્વારા દર્દીનું નિદાન કરવામાં આવશે. આ ઉપરાંત ડાયાબિટીસ, બ્લડ પ્રેસર તેમજ આંખના નંબરની તપાસ પણ નિષ્ણાંતો દ્વારા કરવામાં આવશે. એમ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવ્યું છે.

ઘ-૩ સર્કલ પાસે ગાડીમાં બેસીને જુગાર રમતા ત્રણ ઝડપાયા

૩.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય શકુનીઓની ધરપકડ ગાડીમાં એસી. ચાલુ કરીને બપોરે બાજી માંડી હતી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના ઘ-૬ સર્કલ પાસે ગાડીમાં એ.સી. ચાલુ કરીને ત્રણ શખ્સોએ જુગારની બાજી માંડી હોવાની બાતમીને આધારે બપોરે સવા એક વાગ્યે સે. ૨૧ પોલીસની ટીમે દરોડો પાડી બાતમીવાળી ગાડી કોર્ડન કરી જુગાર રમતા ત્રણ શકુનીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રૂ. ૬૨૦૦ રોકડા, ત્રણ મોબાઈલ તથા ગાડી મળીને રૂ. ૩.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને ત્રણેય શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી સે. ૨૧ પોલીસે આરંભી છે.

સેક્ટર-૨૧ પોલીસમથકના ડીસ્ટાફ પી.એસ.આઈ. પી.જે. સોલંકીને બપોરના અરસામાં બાતમી મળી હતી કે ઘ-૬ સર્કલ નજીક રોડ પર એક ગાડી ઉભી છે જેમાં ત્રણ જણાં જુગાર રમી રહ્યા છે. બાતમી મળતા જ પીએસઆઈ સોલંકી તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને ગાડીમાં એસી ચાલુ કરી બાજી માંડીને બેઠેલા ત્રણેય જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતો યાદવ હરીરામ રામ કમીજ, મેઘાણીનગર વિસ્તારમાં રહેતો ભૂપેન્દ્ર ભીખુસિંહ બિહોલા અને સેક્ટર-૨૩ વિરાટનગર વિસ્તારમાં રહેતો રાકેશ રામરતી સિંગ ત્રણેય જુગારીઓની રૂ. ૬૨૦૦ રોકડા, ૩૨૦૦ની કિંમતના ૩ નંગ મોબાઈલ અને રૂ. ૩ લાખની ગાડી મળીને રૂ. ૩,૦૯,૪૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ મુદ્દામાંલ જપ્ત કરી દેવામાં આવ્યો છે અને સે. ૨૧ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે દત્તબાવની સંજીવની બાવન પાઠ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા આજે તા. ૨૯મી મે-૨૦૧૩ના રોજ દિપકભાઈ કંસારાના નિવાસ સ્થાને પ્લોટ નં. ૫૧૪/૧, વિરાટનગર સોસાયટી સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે બપોરના ૨.૩૦ થી સાંજે ૭.૩૦ કલાક દરમિયાન દત્ત બાવની સંજીવનીના બાવન પાઠ યોજાશે. પ્રમુખ નવનીતભાઈ પાઠકે સર્વે નગરજનોને ભક્તિમય કાર્યક્રમમાં પધારવા ખાસ જણાવ્યું છે.

પંચાયતમાં ૧૪ કારકુનોની બદલી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મોડી સાંજે એક સાથે ૧૪ જેટલા જુનિયર કલાર્ક સંવર્ગમાં સામુહિક બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

બદલીના કરાયેલા આ હુકમમાં શ્રી જી.બી. પંડયા ને પંચાયત શાખામાંથી બાંધકામમાં, એ.એમ. વાઘેલાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં, શ્રી નાયકને તાલુકા પંચાયત માણસા, આશિષ જોષીને પંચાયત-૧માં રૂપેશ બક્ષીને પશુપાલનમાંથી ખેતીવાડીમાં એમ.આર. રાવલને સિંચાઈમાંથી પશુપાલન, શ્રી પી.પી. મકવાણા, શ્રી પી.કે. પટેલ, શ્રી એસ.પી. ચૌહાણ, શ્રી ચિરાગ પારેખની બદલીઓ કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૮

તાપમાન

મહત્તમ : ૩૯.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫
ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦
હમ હૈ રૈહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫
આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦
ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
ઔરંગજેબ : ૧૨.૦૦
ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦
જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦
આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

ચિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આવકના સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકશે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યાપારિ ભાગીદારીથી લાભ થશે. સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારના ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે.

કુંભ : પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી બની રહેશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.